લેખકોની સ્યાહી શહીદોના રક્તકણથી પણ અધિક મૂલ્યવાન અને પવિત્ર છે
- હ. મુહમ્મદ સાહેબ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૪ | ૨૪ નવેમ્બર, ૨૦૧૨, શનિવાર; કારતક સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ચૂંટણીનો રાજકીય ધમધમાટ

**કોંગ્રેસના કલોલના ઉમેદવારની સત્તાવાર જાહેરાત બાદ બાકીની ચાર બેઠકો માટે વધેલી દોડધામ : કોંગ્રેસમાં ગાંધીનગર ઉત્તર માટે નિશીથ વ્યાસ, દહેગામ માટે શંકરસિંહ વાઘેલા નિશ્ચિત મનાય છે જ્યારે ગાંધીનગર દક્ષિણ અને માણસામાં ભારે ગૂંચ પડી છે : ભાજપમાં ગાંધીનગર દક્ષિણમાં શંભુજી ઠાકોર, દહેગામમાં જયસિંહ ચૌહાણ નિશ્ચિત જ્યારે ગાંધીનગર ઉત્તર, કલોલ અને માણસામાં અનિશ્ચિતતા પ્રવર્તે છે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો માટે બહુકોણીય જંગ ખેલાશે તેવું રાજકીય ચિત્ર હાલ બની રહ્યું છે. જો કે ઉમેદવારી પત્ર ભરવાના પ્રથમ દિવસે એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી.

રાજકીય પક્ષોના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કલોલ બેઠક માટે કોંગ્રેસ પક્ષે બળદેવજી ઠાકોરના નામની જાહેરાત કરી દીધી છે. પણ દહેગામ, ગાંધીનગર(દ) અને માણસા બેઠક માટે ભારે ખેંચતાણ પક્ષમાં પ્રવર્તી રહી છે.

ગાંધીનગર ઉત્તર માટે નિશીત વ્યાસની પસંદગી નિશ્ચિત મનાય છે. તો કલોલની બેઠક માટે બળદેવજી ઠાકોરની પસંદગી થઈ ચુકી છે. ગાંધીનગર (દ) માટે નરહરિ અમીન, શ્રી હિમાંશુ પટેલ, શ્રી લાલભાઈ પટેલ, શ્રી જુગાજી ઠાકોર, શ્રી પ્રહલાદજી ઠાકોર અને શ્રી સેંધાજી ઠાકોરના નામો છે. પણ કોંગ્રેસની જૂથબંધી ઉમેદવારની પસંદગીમાં આડે આવી રહી છે.

દહેગામ બેઠક માટે શંકરસિંહ વાઘેલાનું નામ ચાલી રહ્યું છે. જો બાપુ લડવાની ના પાડે તો પછી ડૉ. સી. જે. ચાવડા, શ્રી જગદીશ ઠાકોર, શ્રી પી. એલ. ચાવડા અને શ્રી મોતીસિંહ ઝાલામાંથી કોઈની પસંદગી કરાશે તેમ મનાઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



ઠંડીનો પારો દિન-પ્રતિદિન વધી રહ્યો છે. અગાઉ મહત્તમ ઠંડી માત્ર કચ્છમાં જ નોંધાતી હતી. પરંતુ હવે એવું રહ્યું નથી. અમદાવાદ, ગાંધીનગર કે વલસાડ પણ સૌથી વધુ ઠંડાં શહેરો તરીકે જાહેર થાય છે. શુક્રવારે ગાંધીનગરમાં તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું હતું. (તસવીર : દિપક જાની)

## જિલ્લાની પાંચ બેઠકોની ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું : ચૂંટણી પ્રક્રિયા પ્રારંભાઈ

### પ્રથમ દિવસે એકપણ ઉમેદવારી પત્ર ભરાયું નહીં : ખર્ચ નિરીક્ષકો ગાંધીનગર આવી પહોંચ્યા : તંત્ર સાથે બેઠકો યોજી

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે આજે ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. આજે પ્રથમ દિવસે એકપણ ઉમેદવારીપત્ર ભરાયું નથી.

વિધાનસભાની ચૂંટણી અંગે આજે વિધિવત રીતે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થતો હોય છે. આજે પ્રથમ દિવસો એકપણ બેઠક પર ઉમેદવારી પત્ર ભરાયું નથી.

દરમ્યાન વિધાનસભાની ચૂંટણીમાં ખર્ચ પર નિયંત્રણ અને દેખરેખ રાખવા માટે નિમાયેલા બન્ને નિરીક્ષકોએ આજે જિલ્લાના અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠક કરી અને તંત્ર દ્વારા કરાયેલી કામગીરી અંગે પરામર્શ કર્યો હતો.

આ નિરીક્ષકોએ પાંચેય વિધાનસભા મતવિસ્તાર માટે આસિ. ઓબ્ઝર્વરની નિમણુંક કરી દીધી છે. ચૂંટણી પંચે આચારસંહિતાના અમલ માટે મુકેલ પાંચ નિરીક્ષકો પણ એકાદ-બે દિવસમાં ગાંધીનગર આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિગ્ગજ નેતાઓએ ઉમેદવારીપત્રો ભર્યા

**વજુભાઈ વાળાએ રાજકોટમાંથી ફોર્મ ભર્યુ : વિસાવદર બેઠક પરથી ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે ઉમેદવારી પત્ર ભર્યું : ભાવનગર ગ્રામ્ય બેઠક પર કોંગ્રેસમાંથી વિપક્ષી નેતા શક્તિસિંહે ઉમેદવારી પત્ર ભર્યું**

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તા. ૨૪-૧૧-૨૦૧૨ છે ત્યારે આજે ભાજપ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા.

ભાજપ કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીમાંથી ઉમેદવારીપત્રો ભરનાર દિગ્ગજોમાં ભાજપના સિનિયર આગેવાન અને રાજ્યના નાણાંમંત્રી વજુભાઈ વાળાએ રાજકોટ બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યુ હતું. જ્યારે પૂર્વ કૃષિમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભાજપના ઉમેદવાર તરીકે ધોળકા બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. જ્યારે રાજકોટ બેઠક પરથી ભાજપમાંથી કશ્યપ ચીમનભાઈ શુકલે, રાજકોટ ગ્રામ્ય બેઠક પર ભાજપમાંથી શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજકોટ બેઠક પરથી ગોવિંદભાઈ પટેલે પોતાના ઉમેદવારી પત્રો ભર્યા હતા.

જ્યારે કોંગ્રેસમાંથી વિપક્ષી નેતા શક્તિસિંહ ગોહિલે ભાવનગર ગ્રામ્ય બેઠક પરથી પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ હતું. જ્યારે ઠાસરા બેઠક પરથી રામસિંહ પરમારે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યુ હતું. માણાવદર બેઠક પરથી જવાહર ચાવડાએ પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું.

આ ઉપરાંત ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ વિસાવદર બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. જ્યારે ઉપાધ્યક્ષ ગોરધન ઝડફીયાએ ગોંડલ બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું.



### ઉમેદવારી પત્રો ભર્યાં...

| | |
|---|---|
| વજુભાઈ વાળા | રાજકોટ-૨ |
| કશ્યપ શુક્લ | રાજકોટ-૧ |
| ભાનુબેન બાબરીયા | રાજકોટ ગ્રામ્ય |
| ગોવિંદભાઈ પટેલ | રાજકોટ-૩ |
| કેશુભાઈ પટેલ | વિસાવદર |
| ગોરધનભાઈ ઝડફિયા | ગોંડલ |
| ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | ધોળકા |
| પ્રાગજીભાઈ પટેલ | વિરમગામ |
| મહેન્દ્ર મશરૂ | જૂનાગઢ |
| ગોવિંદ પરમાર | તલાલા |

### અત્યાર સુધીમાં ૫૪૦થી વધુ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૪૦ થી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ છે. ૨૩મીએ ૩૩૦ થી પણ વધુ ઉમેદવારીપત્રો ભરાયા છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે કોંગ્રેસ ભાજપ અને પરિવર્તન પાર્ટી, જ.દ.(યુ) તેમજ બસપા અને સપાના ઉમેદવારો ઉપરાંત અપક્ષોએ પણ સારી એવી સંખ્યામાં ઉમેદવારી નોંધાવી છે.

## ચારેય પક્ષોમાં વધુ સત્તાવાર ઉમેદવારોની જાહેરાત

ગાંધીનગર,તા.૨૩

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાના મતદાન માટે ઉમેદવારીપત્રો ભરવાનો અંતિમ દિવસ ૨૪મી હોવાથી આજે મોડીસાંજ સુધીમાં ચારેય મુખ્ય રાજકીય પક્ષોએ પોતાના સત્તાવાર ઉમેદવારોની યાદીઓ જાહેર કરી હતી.

ભારતીય જનતા પાર્ટીએ ગઈકાલે ૮૪ ઉમેદવારોની જાહેરાત કરી હતી. જ્યારે આજે વધુ ચાર ઉમેદવારોની જાહેરાત કરી છે.

કોંગ્રેસ પક્ષે અગાઉ બાવન ઉમેદવારોની જાહેરાત કરી હતી. જ્યારે આજે વધુ ૪૮ ઉમેદવારોની જાહેરાત કરી છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીએ ૬૩ ઉમેદવારોની પ્રથમ યાદી આજે જાહેર કરી છે. જ્યારે કોંગ્રેસના સહયોગી પક્ષ એન.સી.પી.એ પોતાના નવેય ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. આમ કોંગ્રેસના ૧૦૦ ઉમેદવારો અને ભાજપના ૮૮ ઉમેદવારોની જાહેરાત કરાઈ છે.

ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ

Deep Utsav

બાલનગરી

હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન

છેલ્લા 2 દિવસ

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન

TIME : 11 A.M. to 10 P.M.

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર

